For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# નિધી હત્યાકેસમાં 200થી વધુના ફિંગરપ્રિન્ટ લેવાયા

**પહેલા** 8 હવે 20 ટીમ, SITની રચના છતાં પોલીસને પગેરું મળતું નથી

**આ ગામોમાં તપાસ હાથ ધરાઇ**

ઉન, કોસાડી, ગામતળાવ બુજરંગ, પુના, કાછીયા બોરી તેમજ હરિપુરા, કડોદ, બારડોલી

માંડવી : માંડવી તાલુકાના ગોદાવાડી ગામે ચકચાર જગાવનાર નિધિ હત્યા કેસનો ભેદ ઉકેલવા અને હત્યારાઓને જેલના સળિયા પાછળ ધકેલવા માટે સુરત જિલ્લા પોલીસની 20 જેટલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા આક્રમક તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાવનારા આ અરેરાટીભર્યા લૂંટ વિથ મર્ડરના કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ શકમંદ વ્યક્તિઓના ફિંગરપ્રિન્ટ મેળવી અલગ-અલગ એંગલથી સઘન પૂછપરછ શરૂ કરી છે.

આરોપીઓનું ચોક્કસ પગેરું મેળવવા માટે પોલીસે ઘટનાસ્થળ સહિત સમગ્ર વિસ્તારના ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા છે. નિધીની હત્યાની તપાસ માટે પહેલા જ દિવસથી 8 ટીમ છે હવે તેની સંખ્યા વધારીને 20 કરવામાં આવી છે.

અનુસંધાન પાના ૫ પર

# રેલવે સ્ટેશનના સ્ટોલમાં ઉંદર પફ ખાતો હતો

**વાણિજ્ય** વિભાગે તાત્કાલિક સ્ટોલ બંધ કરાવ્યો

**કોન્ટ્રાક્ટ** રદ કરવાની કાર્યવાહી શરૂ

સુરત: સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોને વેચાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સાફ-સફાઈનો એક વાયરલ વીડિયોએ પર્દાફાશ કર્યો છે. સ્ટેશન પર આવેલા એક ટી-સ્ટોલના કાચના કાઉન્ટરમાં રાખેલા પફને ઉંદર ખાતો હોય તેવું કેમેરામાં કેદ થયું છે. વીડિયો સામે આવતા જ રેલવેના વાણિજ્ય વિભાગમાં હડકંપ મચી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, આ ઘટના સુરત સ્ટેશનના મેસર્સ દિનેશ એસોસિએટ્સ ટી-સ્ટોલની હોવાનું કહેવાય છે. વીડિયો શનિવારે વહેલી સવારે 3.15 થી 3.45 વાગ્યા વચ્ચે રેકોર્ડ થયો હોવાની આશંકા છે.

અનુસંધાન પાના ૫ પર



# સુરતની ફાઈવ સ્ટાર હોટલમાં કૂકીઝમાં ‘લાકડું’ નીકળ્યું

**હોટેલ** સ્ટાફે ભુલ સ્વિકારી લેતા મામલો થાળે પડયો

**જયાંથી** કુકીઝ આવે છે ત્યા પણ તપાસ થશે

**SMCએ** 50 હજારનો દંડ ફટકાર્યો

**2 ચા અને એક કોફીનું બિલ 1,386 છતાં કૂકીઝમાં લાકડાના ટુકડા**

ટેબલ નં.19 પર બેઠેલા ગ્રાહકોએ રાત્રે 2:36 વાગ્યે બે ઇન્ડિયન ક્લાસિક ટી રૂ. 750 અને એક અમેરિકાન કોફી રૂ. 425નો ઓર્ડર અપાયો હતો. GST સહિત કુલ રૂ. 1,386.50નું બિલ ચૂકવવામાં આવ્યું હતું. ઓર્ડર સાથે આવેલી કૂકી મિત્રએ મોઢામાં મૂકતાં જ લાકડાનો ટુકડો વાગતાં સમગ્ર મામલો સામે આવ્યો.

સુરત : શહેરની અઠવાલાઇન્સ સ્થિત ફાઈવસ્ટાર હોટલ મેરિયોટના SBC કેફેમાં પીરસવામાં આવેલી કૂકીઝમાંથી અણીદાર લાકડાના ટુકડા મળી આવતાં ફાઈવસ્ટાર હોટલની ફૂડ ક્વોલિટી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ગ્રાહકના આક્ષેપ મુજબ કૂકીઝ મોઢામાં મૂકતાં જ અણીદાર ટુકડો વાગ્યો હતો. તપાસ કરતાં કૂકીઝમાંથી નાના-મોટા ત્રણથી ચાર લાકડાના ટુકડા મળી આવ્યા હતા. મનપાને ફરિયાદ કરતા ફુડ વિભાગે કુકીઝના નમુના લઇને તપાસ માટે મોકલવા ઉપરાંત 50 હજારની પેનલ્ટી વસૂલી હતી.

અનુસંધાન પાના ૫ પર

# ભટારની ગીક્સ હવેલી ગેમ્સમાં વેપારીને સીડી પરથી ફેંકી દીધો

**‘તુ આ** જ ડિઝર્વ કરે છે’ કહી વેપારી સીડી પરથી ફેંકી દેતા કરોડરજ્જુમાં ઇજા

સુરત : ભટાર વિસ્તારમાં આવેલી એક ગેમિંગ ક્લબમાં શનિ-રવિની રજાઓમાં બોર્ડ ગેમ્સ રમતી વખતે થયેલી નજીવી બોલાચાલી બાદ યુવક પર તેના જ મિત્રએ ઉશ્કેરાઈને હુમલો કરી, સીડી પરથી લાત મારી નીચે પાડી દઈ સ્પાઈન (કરોડરજ્જુ)ના ભાગે ગંભીર ઈજા પહોંચાડવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે વેપારીની પત્નીની ફરિયાદના આધારે ખટોદરા પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉમરા સ્થિત રત્ન શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતા અને રઘુકુલ માર્કેટમાં ‘શ્રેયાંશ ટેક્સ્ટાઈલ’ નામે કાપડનો વેપાર કરતા શ્રેયાંશ અશોકકુમાર ડાગા શનિવાર અને રવિવારના દિવસે ભટાર, જીવકોરનગર સોસાયટી પાસે આવેલા ‘ગીક્સ હવેલી’ ખાતે બોર્ડ ગેમ્સ રમવા જતા હતા. આ દરમિયાન તેમની મુલાકાત ગેમિંગ ઝોન ચલાવતા ધ્રુવ પંડ્યા (રહે. આશીર્વાદ પેલેસ, ભટાર) સાથે થઈ હતી અને બંને વચ્ચે મિત્રતા થઈ હતી. ગત તા. ૦૮/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે શ્રેયાંશ ડાગા ગીક્સ હવેલી ખાતે મિત્રો સાથે ગેમ રમી રહ્યા હતા. આ દરમિયાન રમતમાં બોલાચાલી થતા ધ્રુવ પંડ્યાએ આવેશમાં આવી શ્રેયાંશને થપ્પડ મારી દીધી હતી અને ગાળો આપી ત્યાંથી જતો રહેવા કહ્યું હતું. બાદમાં શ્રેયાંશ ડાગા સીડી ઉતરી રહ્યા હતા ત્યારે ધ્રુવ પંડ્યાએ અચાનક પાછળથી આવીને શ્રેયાંશને લાત મારતા તેઓ ચાર-પાંચ સીડીઓ પરથી નીચે ગડી પડ્યા હતા અને કમર તથા પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ પણ આરોપીએ ‘તુ આજ ડિસર્વ કરે છે’ કહી ફરી માર મારવાનો પ્રયાસ કર્યો હતો. ઘટના બાદ ગંભીર રીતે ઘવાયેલા વેપારીને તાત્કાલિક આશુતોષ હોસ્પિટલ

અનુસંધાન પાના ૫ પર

# વરાછાના પાનના ગલ્લા પર એક્સપાયર્ડ કોલ્ડડ્રિંક્સ

**મનપાએ** દુકાનદારને દંડ ફટકાર્યો

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા દિવસોથી શહેરની વિવિધ હોટલ-રેસ્ટરોન્ટ, ઢાબા, મોટા સ્ટોરમાં અને દુકાનોમાં ચેકીંગ કરવામાં આવી રહ્યું છે જે અંગે હવે શહેરીજનો પણ જાગૃત બન્યા છે અને ખાણીપીણીની વસ્તુ ખરીદતા પહેલા ચેકીંગ કરી રહ્યા છે અને ખાણીપીણીમાં કંઈ પણ શંકા જણાય તો સુરત મનપાનું ધ્યાન દોરી રહ્યા છે. શનિવારે પ્રખ્યાત કૈલાશ રેસ્ટોરન્ટમાં કાજુકતરીમાં ફુગ મળી હતી જેથી સ્થાનિક કોર્પોરેટરે તુરંત મનપાના આરોગ્ય વિભાગને જાણ કરી હતી અને રવિવારે વરાછામાં એક નાગરિકે કોલ્ડડ્રીંક્સની બોટલ ખરીદી હતી જે એક્સપાયરી ડેટ વાળી મળી આવી હતી જેને કારણે તુરંત જ ગ્રાહકે ફોટો પાડી મનપામાં જાણ કરી હતી જેથી મનપા દ્વારા દુકાનદારને દંડ પણ ફટકાર્યો હતો.




# જય જલારામ સમોસા સેન્ટરમાં સમોસામાંથી વાળ નીકળતા વિવાદ

સુરત: ઉધના વિસ્તારમાં આવેલા વિજયાનગરમાં ‘જય જલારામ સમોસા સેન્ટર’ ખાતેથી ખરીદેલા સમોસામાંથી વાળ નીકળવાનો એક કિસ્સો સામે આવ્યો છે. આ બાબતે જાગૃત ગ્રાહક દ્વારા તાત્કાલિક ફરિયાદ કરવામાં આવી હતી. ગ્રાહકની ફરિયાદને આધારે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગની ટીમે તુરંત જ સમોસા સેન્ટર પર સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન દુકાનમાં ભારે અસ્વચ્છતા અને ગંદકી જોવા મળી હતી. આ ઉપરાંત, ત્યાં કામ કરતા કર્મચારીઓ પાસે નિયમ મુજબના જરૂરી મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ પણ ઉપલબ્ધ ન હતા. આરોગ્ય ક્ષેત્રે આવી ગંભીર બેદરકારી દાખવવા બદલ મનપાની ટીમે દુકાનદારને સ્થળ પર જ રૂ. 7000નો

અનુસંધાન પાના ૫ પર














































